# APPENDIX C

## TOPICS FOR PRACTICAL WORK

## એકમ ૧

તમારા શીખવવાના વિષયોમાંથી કોઇપણ એક વિષયમાં તમને યોગ્ય લાગે તે એકમ પસંદ કરો. તે એકમ શીખવવા માટેના શૈક્ષણિક હેતુઓ નકકી કરો. તે હેતુઓ સિદ્ધ કરવા માટે કયા કયા જુદા જુદા અધ્યયન અનુભવો આપશો તે લખો.

તમે પસંદ કરેલા વિષયોમાંથી કોઇપણ એક એકમ પસંદ કરો. તે એકમ શીખવવા તેમજ તેનું મૂલ્યાંકન કરવા માટેનું આયોજન કરવા, મૂલ્યાંકન પ્રક્રિયાના પાંચ સોપાનો અનુસાર કોઠો તૈયાર કરો.

## એકમ ૨

તમે શીખવવા માટે પસંદ કરેલા શાળાના બે વિષયોમાંથી એક એકમ પસંદ કરો. તે એકમ શીખવવા માટેના સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુ લખો. તે હેતુઓને વિદ્યાર્થીઓના કાર્યના સ્પષ્ટીકરણ સ્વરુપે રજૂ કરો. તે હેતુઓ માટેના અપેક્ષિત ધોરણ લખો.

## એકમ ૩

(અ) પરીક્ષા પદ્ધતિનો ઉપયોગ કરી શકાય તેવી ત્રણ બાબત લખો.

(બ) નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કરી શકાય તેવી ત્રણ પરિસ્થિતિ લખો.

(ક) આત્મવૃત્તાંત પ્રવિધિનો ઉપયોગ કરી શકાય તેવી ત્રણ બાબત લખો.

## એકમ ૪

કોઇપણ વિષય લઇ નીચે પ્રમાણેના એક એક પ્રશ્ન તૈયાર કરો.

(૧) નિબંધ પ્રકાર - ચોક્કસ બંધારણ પ્રમાણે

(૨) બહુવિકલ્પ પ્રકાર

(૩) સાચા - ખોટા પ્રકાર

(૪) જોડકાં બનાવો પ્રકાર

(૫) પ્રમુખ - ચાવી જોડકાં પ્રકાર

## એકમ ૫

(અ) એક શિક્ષક તરીકે તમારા વિદ્યાર્થીઓના કેટલાક ગુણોનું નિરીક્ષણ કરવું છે તો તેના માટે ચેકલિસ્ટ તૈયાર કરો.

(બ) તમારા વિદ્યાર્થીઓના મૌખિક વક્તવ્યના કૌશલ્યનું મૂલ્યાંકન કરવું છે તો તેના માટે ક્રમાંક માપદંડ તૈયાર કરો.

(ક) તમારા વિદ્યાર્થીઓના વાચનરસ વિશે તમારે માહિતી મેળવવી છે તો તેના માટે પ્રશ્નાવલિ તૈયાર કરો.

## એકમ ૬

(અ) તમારા શીખવવાના વિષયોમાંથી એક વિષય પસંદ કરી, તેમાંથી કોઇ એક અથવા એકથી વધુ એકમ લઇ તેના માટેની બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરો.

(બ) પ્રશ્ન કાર્ડનો નમૂનો તૈયાર કરો.